# દેશના ઉત્તર અને પૂર્વ ભાગોમાં વરસતી અગ્નિવર્ષા

## ઓરિસ્સામાં હિટવેવથી કુલ ૩૪ લોકોના મોત : રાજસ્થાનના ગંગાનગરમાં ૪૫.૯ ડિગ્રી તાપમાન નોંધાયુ



નવી દિલ્હી,તા. ૩

દેશના ઉત્તર અને પૂર્વ ભારતમાં હિટવેવનુ મોજુ ફરી વળ્યું છે. હિટવેવના કારણે ઓરિસ્સામાં કુલ ૩૪ લોકોના મોત થયા છે. તીવ્ર ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ઉત્તરપ્રદેશ અને બિહારના કેટલાક ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હોવા છતાં સ્થિતી ખુબ વિકટ બનેલી છે. ગરમીના કારણે બપોરના ગાળામાં જનજીવન પણ ખોરવાઈ ગયું છે. જયપુરથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનમાં ગરમીથી લોકોને કોઈ રાહત મળી રહી નથી. કારણ કે પારો સતત ઉપર જઈ રહ્યો છે. રાજસ્થાનના ગંગાનગરમાં પારો ૪૫.૯ ડિગ્રી સુધી ઉપર પહોંચી ગયો છે. ચુરૂમાં ૪૫.૪ અને કોટામાં ૪૩.૬ ડિગ્રી તાપમાન થઈ ગયું છે. ઓરિસ્સમાં છેલ્લા ૨૦ દિવસના ગાળામાં તીવ્ર ગરમી પડી રહી છે. ઓરિસ્સાંમાં લુ લાગવા અને અન્ય ગરમીના કારણે રોગથી ૩૪ લોકોના મોત થઈ ચુક્યા છે. ગરમી સંબંધિત બનાવમાં મોતના છ કેસોને સમર્થન મળી ચુક્યું છે. પંજાબ અને હરિયાણામાં ગરમ હવામાનની સ્થિતી થયેલી છે. અમૃતસરમાં બે લોકોના મોત થયા છે. હરિયાણાના મોટા ભાગના વિસ્તારમાં તાપમાન ૪૦થી ઉપર પહોંચી ગયું છે. હિસારમાં તાપમાન ૪૫ ડિગ્રી સુધી પહોંચી ગયુ છે. અમૃતસરમાં તાપમાન ૪૨.૮ ડિગ્રી રહ્યું છે. ઉત્તરપ્રદેશ અને બિહારમાં પણ આવી જ સ્થિતી થયેલી છે. જો કે આ બન્ને રાજ્યોમાં વરસાદી ઝાપટા પડતા આંશિક રાહત પણ થઈ છે. શુક્રવારના દિવસે તીવ્ર ગરમી રહી હતી. લોકસભાની ચૂંટણી માટે પ્રચાર ચરમસીમા પર છે ત્યારે ઉમેદવારોને પણ લોકોનો સંપર્ક કરવામાં ભારે મુશ્કેલી નડી રહી છે. બિહારમાં ગયા ખાતે તાપમાન ૪૪.૧ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. જ્યારે મહત્તમ તાપમાન પટણામાં ૪૦.૪ ડિગ્રી રહ્યું હતુ. હવામાન વિભાગે કહ્યું છે કે ગરમીથી લોકોને હાલમાં કોઈ રાહત મળનાર નથી. તાપમાન વધાર જ રહેશે.



## આસામ : ગોગોઇ સરકાર વોટબેંકની નીતિમાં વ્યસ્ત

નવી દિલ્હી,તા. ૩

આસામમાં હિંસાનો દોર જારી રહેતા ભાજપે આજે આસામમાં તરુણ ગોગોઈ સરકાર અને કેન્દ્રમાં યુપીએ સરકારની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, વોટબેંકની રાજનીતિ રમવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ભાજપ પ્રવક્તા રવિશંકર પ્રસાદે આસામમાં રક્તપાત બદલ યુપીએ સરકાર અને આસામમાં તરુણ ગોગોઈ સરકારની ઝાટકણી કાઢી હતી. ભાજપે આક્ષેપ કર્યો હતો કે, તરુણ ગોગોઈ સરકાર અને કેન્દ્રમાં સરકાર બિલકુલ નિષ્ક્રિય થયેલી છે. વોટબેંકની રાજનીતિના પરિણામ સ્વરુપે તરુણ ગોગોઈ સરકારે પ્રદેશમાં જારી હિંસાને રોકવા માટે કોઈ પગલા લીધા નથી. તરુણ ગોગોઈ છેલ્લા ૧૪ વર્ષથી આસામમાં મુખ્યમંત્રી છે. તેઓ શું કરી રહ્યા છે. જ્યારે વડાપ્રધાન છેલ્લા ૨૪ વર્ષથી આસામમાંથી રાજ્યસભાના સાંસદ છે. હિંસાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને ભાજપના નેતાએ અપરાધીઓને પકડીને કઠોર સજા કરવાની માંગ કરી છે. તેમણે એવા આક્ષેપોનો આધારવગરના ગણાવ્યા છે કે, નરેન્દ્ર મોદીના કારણે આસામમાં હિંસા થઈ છે. સિબ્બલે આજે સવારે કહ્યું હતું કે, ભારતને વિભાજિત કરવાના મોડલમાં નરેન્દ્ર મોદીનો હાથ છે. આસામમાં હિંસાને ઉશ્કેરવામાં ભાજપના નેતાઓની ભૂમિકા રહેલી છે.

આસામમાં આજે વધુ નવના મૃતદેહ મળી આવ્યા હતા. આની સાથે મોતનો આંકડો વધીને ૩૨ ઉપર પહોંચ્યો હતો. સતત બે દિવસથી આસામમાં હિંસાનો દોર જારી રહ્યો છે. આસામમાં હિંસાના મામલે પણ ભાજપ અને કોંગ્રેસ હવે આમને સામને છે. આજે ભાજપને પણ આસામમાં હિંસાનો મુદ્દો ઉઠાવીને કેન્દ્ર સરકાર ઉપર આક્ષેપ કર્યા હતા.

## મનમોહન પાંચ ટી સેટ-એક કોફી સેટ સાથે સતાવાર નિવાસ છોડશે

### ભેટમાં મળેલી જવેલરી-રોલેક્સ કાંડા ઘડીયાળ વડાપ્રધાને સરકારી ખજાનામાં જમા કરાવી

જયપુર, તા.૩

વર્તમાન વડાપ્રધાન ડૉ. મનમોહનસિંગ હવે તેમની વિદાય પણ તેમના જાહેર જીવન જેટલી જ 'સ્વચ્છ' રહે તેની ખાસ ચિંતા કરે છે તેથી જ શિફટીંગ સમયે તેમના સામાનમાં એક પણ અવી ચીજ ન આવે જે તેમની કે તેમના કુટુંબની માલિકીની ન હોય પણ સરકારની માલિકીની હોય કે પછી તેઓને વિદેશમાંથી ભેટ મળી હોય! વડાપ્રધાન તેમના કુટુંબીજનો કે તેમની સાથેના પ્રતિનિધિમંડળ જયારે વિદેશ જાય તે સમયે તેઓને જે ભેટ મળે તે સામાન્ય રીતે સરકારી



ખજાનામાં જમા થતી હોય છે અને નિયમ મુજબ રૂ. ૫૦૦૦ સુધીની ભેટ હોય તો તે મેળવનાર વ્યકિત ફીમાં રાખી શકે છે અને જો તેનાથી વધુ મુલ્યની ગીફટ હોય તો તેની કિંમત સરકારને ચુકવીને આ ભેટને રાખી શકે છે. અમુક ભેટ એવી હોય છે જેમ કે મોમેન્ટો કે તેની કોઈ બજાર કિંમત હોતી જ નથી જે ભેટ મેળવનાર રાખી શકે છે. હાલમાં જ માહિતીનાં અધિકાર હેઠળ જે માહિતી મંડાઈ તે મુજબ પાંચ ટી સેટ એક કોફી સેટ-મનમોહને અંગત રીતે રાખ્યા છે. જે આ રૂ. ૫૦૦૦ની તેઓની કિંમતના છે તેથી તે માટે કોઈ રકમ ભરવી જરુરી નથી. મનમોહને અન્ય જે ભેટો મેળવી છે તે હજુ પેન્ડીંગ છે એટલે કે તે હજુ રાખવી કે કેમ તે મનમોહન ફેમીલીએ નક્કી કર્યું નથી. મનમોહનને આપતો રૂ. ૧.૨૦ લાખની કિંમતની જવેલરી અને એક રોલેક્સ ઘડીયાળ પણ ભેટમાં મળી છે પણ તેઓએ તે ખરીદ્યા નથી. વિદેશ સચીવ ને એક ફુજી કેમેરો મળ્યો હતો જેની કિંમત રૂ. ૪૦,૦૦૦ છે તે તેઓએ ખરીદી લીધો છે.

## રાહુલને પરાજય આપવા ભાજપ-એએપી લડાયક

નવીદિલ્હી, તા. ૩

રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠીમાં આ વખતે રાહુલને પડકારરૂપ સ્થિતિનો સામનો કરવો પડી શકે છે. કારણ કે, અમેઠીમાંથી સ્મૃતિ ઈરાની ઉપરાંત એએપીના કુમાર વિશ્વાસ પણ મજબૂત દાવેદાર તરીકે છે. ૨૦૦૪ અને ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને અહીં ભારે બહુમતિથી જીત મળી હતી. અમેઠી હજુ સુધી નહેરુ-ગાંધી પરિવાર માટે સૌથી સુરક્ષિત સીટ તરીકે ગણવામાં આવે છે પરંતુ આ લોકસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને ભાજપે રાહુલ ગાંધીને હાર આપવા માટે તમામ તાકાત લગાવી દીધી છે. નરેન્દ્ર મોદી પોતે સ્મૃતિ ઈરાની માટે પ્રચાર કરનાર છે. આ ઉપરાંત ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ પણ પ્રચાર કરનાર છે. આવી સ્થિતિમાં રાહુલ માટે પડકારરુપ સ્થિતિ બની શકે છે.

## આસામમાં બીજા દિવસે પણ વિસ્ફોટક સ્થિતી

ગુવાહાટી,તા. ૩

આસામમા આજે બીજા દિવસે પણ પણ વિસ્ફોટક સ્થિતી યથાવત રહી હતી. કારણ કે સવારમાં બીજા નવ લોકોના મૃતદેહો મળી આવ્યા હતા. આની સાથે જ મોતનો આંકડો વધીને ૩૨ ઉપર પહોંચી ગયો છે. ચાર બાળક અને બે મહિલા સહિત નવ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. બોડોલેન્ડ ટેરિટોરિયલ એડમિનિસ્ટ્રેશન ડિસ્ટ્રીકટમાં એનડીએફબીના બળવાખોરો દ્વારા ભારે રક્તપાત સર્જવામાં આવ્યો છે. તમામના મૃતદેહ માનસ નેશનલ પાર્ક નજીક સલબારી સબ ડિવિઝન હેઠળ મળી આવ્યા હતા. બે બાળકોની ઓળખ ઈલીના ખાતુન અને આરીફ ઉલ ઈસ્લામ તરીકે થઈ છે. ત્રણ બાળકોની વય ત્રણ અને ૧૦ આંકવામાં આવી છે. પોલીસે હુમલાના સંબંધમાં બક્સામાં ૧૨ લોકોની ધરપકડ કરી છે જ્યારે અન્ય આઠ લોકોને કોકરાઝારમાં અટકાયતમાં લેવાયા છે. કોકરાઝાર, બક્સા અને ચિરાંગ જિલ્લામાં સંચારબંધી લદાઈ છે. આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈએ ઈમરજન્સી મિટિંગ યોજી છે. તમામ જગ્યાએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હોવા છતાં હાલત ખુબ ચિંતાજનક બનેલી છે. આસામના કોકરાઝાર અને બક્સા જિલ્લામાં અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે. જેતી જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ૨૪મી એપ્રિલના દિવસે થયેલી લોકસભાની ચૂંટણીમાં તેમના ઉમેદવારને મત આપવા બદલ બળવાખોરોએ ૨૩ બંગાળી બોલતા મુસ્લિમોની હત્યા કરી દીધી હતી. આજે વધુ કેટલાક વિસ્તારમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. એનડીએફબીના બળવાખોરો જોરદાર ખૂની ખેલ ખેલી રહ્યા છે. આસામના બે જિલ્લામાં વ્યાપક રક્તપાત સર્જીને ૧૧ લોકોને મોતને ઘાટ ઉતારી દીધાના કલાકોના ગાળામાં જ ગઅકાલે જ ફરીવાર આસામના બક્સા જિલ્લામાં બળવાખોરોએ આતંક મચાવ્યો હતો અને વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આની સાથે જ ટૂંકા ગાળામાં જ બળવાખોરો ૨૧થી વધુ લોકોની હત્યા કરી દીધી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, બક્સામાં હવે અચોક્કસ મુદતની સંચારબંધી લાગૂ કરવામાં આવી છે અને સેનાને પણ બોલાવી લેવામાં આવી છે. પરિસ્થિતિ કાબૂ બહાર ન જાય તે માટે પગલા લેવાઈ રહ્યા છે. અગાઉ એનડીએફબીના બળવાખોરો ફરી એકવાર જોરદાર



રીતે સક્રિય થઈ ગયા છે. બોડોલેન્ડ પ્રદેશ વહીવટીતંત્ર વિસ્તાર હેઠળ આવતા બે જિલ્લાઓમાં બળવાખોરોએ ભારે આતંક મચાવ્યો છે. આ લોકોએ જુદા જુદા હુમલા કરીને ૧૧ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. અને અન્ય ત્રણ લોકોને ઈજા પહોંચાડી હતી. મળેલી માહિતી મુજબ આસામના કોકરાઝાર જિલ્લામાં બાલાપારા-૧ ગામમાં ત્રણ મકાનો ઉપર ૨૦થી ૨૫ જેટલા એનડીએફબીના બળવાખોરોએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં સાત લોકોના ઘટના સ્થળે મોત થયા હતા. માર્યા ગયેલાઓમાં લઘુમતિ સમુદાયના બે બાળકો અને ચાર મહિલાઓ સામેલ હતી. આ હુમલામાં માર્યા ગયેલા ત્રણ વર્ષના બાળકનો મૃતદેહ પણ મળી આવ્યો હતો. અન્ય બે પુરુષોને ગંભીર ઈજા થઈ હતી.

ભોગ બનેલાના પરિવારના સભ્યોએ કહ્યું છે કે, આ લોકોએ ત્યારબાદ અન્ય એક મકાન ઉપર હુમલો કર્યો હતો. બળવાખોરો

### આસામમાં રક્તપાતને લઈ વડાપ્રધાન, સોનિયા ચિંતિત

નવીદિલ્હી,તા. ૩

વડાપ્રધાન મનમોહનસિંહ અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી આસામમાં જારી રક્તપાતને કઠોર શબ્દમાં વખોડી કાઢીને આની નિંદા કરી છે. એક નિવેદનમાં વડાપ્રધાને કહ્યું છે કે, આ હુમલાઓ લોકોમાં દહેશત ફેલાવવાના હેતુસર કરવામાં આવ્યા છે. આ હુમલા કાયરતાપૂર્વકના કૃત્યો છે. સરકાર તમામ સ્વરુપમાં આ પ્રકારના હુમલાઓને રોકવા માટે કટિબદ્ધ છે. તેમણે ઉમેર્યુ હતું કે, હુમલાઓમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે તથા અન્યો પ્રત્યે અમારી સહાનુભૂતિ છે. આસામના લોકો આતંકવાદી જેવું કૃત્ય કરી રહ્યા છે. આસામમાં સાતમી, ૧૨ અને ૨૪મી એપ્રિલના દિવસે સંસદીય ચૂંટણી માટે મતદાન થયું હતું. દુઃખ વ્યક્ત કરતા વડાપ્રધાને શાંતિ જાળવી રાખવા લોકોને અપીલ કરી છે. ઉપરાંત અફવાઓને ટાળવાની સલાહ આપી છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા તમામ મદદ કરી રહી છે. કેન્દ્ર સરકાર તમામ મદદ કરી રહી છે. બીજી બાજુ સોનિયા ગાંધીએ પણ આઘાત વ્યક્ત કરીને હુમલામાં સામેલ રહેલા લોકોની ટિકા કરી છે. સોનિયા ગાંધી આ મુદ્દે આસામના મુખ્યમંત્રી તરુણ ગોગોઈના સંપર્કમાં છે.

## શ્રીનગરમાં સતત ત્રીજા દિવસે સંચારબંધી જારી

શ્રીનગર, તા. ૩

જમ્મુ કાશ્મીરના ઉનાળા પાટનગર શ્રીનગરના સાત વિસ્તારમાં આજે સતત ત્રીજા દિવસે સંચારબંધી જારી રહી હતી. અલબત્ત જાહેર પરિવહન અને દુકાનો કેટલાક વિસ્તારોમાં ખુલ્લી રહી હતી. જો કે, કઠોર નિયંત્રણના પરિણામ સ્વરુપે લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અટકાયતી પગલારુપે સત્તાવાળાઓએ સાત વિસ્તારમાં સંચારબંધી જારી રાખી હતી. કોઈ નિયંત્રણ અથવા કરફ્યુ શહેરના કોઈ ભાગમાં નથી પરંતુ સાવચેતીના



પગલા લેવાઈ રહ્યા છે. ડઝન જેટલા વાહનો કેટલીક જગ્યાએ જોવા મળ્યા હતા. સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગામ, હિલ્સ સ્ટેશનો ઉપર લોકો પહોંચી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં બુધવારના દિવસે જુના શહેરમાં બસીર તરીકે ઓળખાયેલા યુવાનના મોત બાદ સંચારબંધી લાદવામાં આવી હતી. મેજિસ્ટ્રેરિયલ તપાસનો આદેશ યુવાનના મોતમાં આપવામાંઆવ્યો છે. ૧૫ દિવસની અંદર આ અહેવાલ સુપરત કરવામાં આવનાર છે. આ બનાવમાં સીઆરપીએફની ટુકડી પમ પોતાની રીતે તપાસ કરી રહી છે. શુક્રવારના દિવસે આ બનાવના વિરોધમાં કેટલીક જગ્યાએ પથ્થરમારાના બનાવ બન્યા હતા.જેથી સ્થિતિ તંગ રહી હતી.

## નાણાપ્રધાન જેવા ગોટાળા કર્યા જ નથીઃ યશવંતસિંહા

નવીદિલ્હી, તા. ૩

કેન્દ્રીય નાણાપ્રધાન પી ચિદમ્બરમ અને ભાજપના વરિષ્ઠ નેતા યશવંતસિંહા વચ્ચે ફરી એકવાર જોરદાર જંગની શરૂઆત થઈ ગઈ છે. ચિદમ્બરમની ટિપ્પણી ઉપર પ્રતિક્રિયા આપતા યશવંતસિંહાએ કહ્યું છે કે, ચિદમ્બરમે હંમેશા બજેટમાં બોગસ બાબતો રજૂ કરી છે. આ અગાઉ ચિદમ્બરમે યશવંતસિંહા ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, ભૂતપૂર્વ નાણાપ્રધાન યશવંતસિંહાના સમયગાળામાં ભારતીય અર્થતંત્રમાં ઉદારીકરણના સમય પછી સૌથી ખરાબ સ્થિતિ હતી. યશવંતસિંહાએ જવાબમાં કહ્યું છે કે, ૧૯૯૧ બાદ સૌથી ખરાબ નાણા પ્રધાન તરીકે તેઓ હોઈ શકે છે પરંતુ ક્યારે પણ કોઈ ખોટું કામ કર્યું નથી. ચિદમ્બરમ ૧૯૯૧ બાદથી સૌથી ચાલાક નાણા મંત્રી રહ્યા છે. ચિદમ્બરમે માત્ર આ જ વર્ષે નહીં બલ્કે દરેક બજેટમાં ગોટાળા કર્યા છે.

## મોદી પાંચમીએ અમેઠીમાં ચૂંટણી પ્રચાર કરવા તૈયાર

નવી દિલ્હી,તા. ૩

લોકસભાની ચૂંટણી માટે મતદાન હવે અંતિમ તબક્કામાં પહોંચી જતા રાજકીય પક્ષો પણ છેલ્લી તાકાત લગાવી દેવાના મુડીમાં દેખાઈ રહ્યા છે. રાજકીય પક્ષો દરેક સીટ પર જીતની ખાતરી કરવાના પ્રયાસ કરી રહી છે. હવે ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદી અમેઠીમાં ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાનીના પ્રચારમાં ભાગ લેનાર છે. મોદી પાંચમી મેના દિવસે સ્મૃતિની તરફેણમાં જોરદાર પ્રચાર કરવા માટે પહોંચશે. કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીના ગઢ ગણાતા અમેઠીમાં મોદીના આગમનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. અમેઠી સીટ પર સાતમી મેના દિવસે મતદાન યોજાનાર છે. મોદીની પાંચમી મેના દિવસની રેલીને ભવ્ય બનાવવા માટે તમામ તૈયારી કરી લેવામાં



આવી છે. સુત્રોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો મોદી ઉપરાંત લાલકૃષ્ણ અડવાણી, સુષ્મા સ્વરાજ અને અરૂણ જેટલી પણ સ્મૃતિ ઈરાની માટે પ્રચાર કરનાર છે. હજુ સુધી એવી ચર્ચા હતી કે મોદી અમેઠીમાં કોઈ રેલી કરશે નહી જયારે કોંગ્રેસના કોઈ શક્તિશાળી નેતા વારાણસીમાં રેલી કરશે નહી. પરંતુ જેટલીએ આ અટકળોનો અંત આણીને કહ્યું છે કે સ્મૃતિ આ મતવિસ્તારમાંથી સાસંદ બને તે માટે પાર્ટી તમામ તાકાત લગાવી દેશે. તેમણે કહ્યું હતું કે સ્મૃતિ ઈરાની તરીકે ભાજપે આ વખતે અહીંથી ખુબ મજબુત ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા છે. સુત્રોએ કહ્યું છે કે આમ આદમી પાર્ટીના ઉમેદવાર કુમાર વિશ્વાસ પણ જોરદાર ટક્કર આપે તેવી શક્યતા દેખાઈ રહી છે. રાહુલની તરફેણમાં છેલ્લા કેટલાક દિવસથી તેમના બહેન પ્રિયંકા પ્રચારમાં વ્યસ્ત છે. રાહુલની આ મતવિસ્તારમાં ખુબ મજબુત સ્થિતી રહી છે. હજુ પણ રાહુલને જ હોટ ફેવરીટ તરીક રાજકીય પંડિતો ગણે છે.

## સમાચાર ઝલક

- અફઘાનિસ્તાનમાં ભારે વરસાદને કારણે ભૂસ્ખલનથી ૩૦૦ થી વધુ લોકોનાં મોત, એકવીસોથી વધુ લાપતા.
- ઉત્તર ભારત, ગુજરાત, રાજસ્થાનમાં આકાશમાંથી વરસતી અગ્નિવર્ષા. જનજીવન અસ્તવ્યસ્ત.
- સિંગાપોરમાં ભારતીયોને ઘર ભાડે આપવા કોઇ તૈયાર નથી.
- કેરળમાં ૮૪ વર્ષીય વૃદ્ધાની જાતીય સતામણીના કારણે આઘાતથી મોત.
- પટોડી મહેલની કલાકૃતિઓની વહેંચણીનો વિવાદ, શર્મિલા ટાગોરે પોલીસ બોલાવી.
- ઉત્તરપ્રદેશમાં ભૂતનાથ રિટર્ન્સ ટેક્સ ફ્રી જાહેર કરાઇ.
- બ્રૂનેઇમાં શરિયા કાનૂન લાગુ, હવે અંગો કાપવાની તેમજ કોરડા મારવાની સજા.
- હવે ક્રેડિટ કાર્ડથી કોલેજની ફી હપ્તેથી ચુકવી શકાશે.
- કેન્યામાં ગુજરાતી વેપારીની લૂંટ બાદ હત્યા કરાઇ, પંદર દિવસમાં બીજો બનાવ બન્યો.
- નવી સરકારના પ્રથમ ત્રણ માસ મહત્ત્વનાં રહેશે.
- સમગ્ર દેશમાં મતદાનની ઊંચી ટકાવારીમાં સ્પષ્ટ પેટર્નનો અભાવ. ધારણા બાંધવી અશક્ય.
- રાજકોટના લાંચ લેનાર ઇજનેરોના લોકરમાંથી પણ લાખો રૂપિયા તથા દાગીના મળ્યા.
- કેન્યામાં ૧૬૦૦ કરોડના હેરોઇન સાથે જામનગરના ૯ ખલાસીઓ ઝડપાયા.
- યમુનાનગર (કુરૂક્ષેત્ર)માં ૧૪ ફૂટ જેટલો ઊંચું ટામેટાનો છોડ થયો.
- પાકિસ્તાનમાં રાજકારણીઓ મશીનગનો ખરીદવા લાગ્યાં.
- હળવદમાં બે જૂથો વચ્ચે ભારે અથડામણ બાદ તોડફોડ અને નાસભાગ.
- રોજ માનસિક ટેન્શન કરવાથી આરોગ્ય માટે ખતરનાક.
- અમદાવાદના સરદારનગરમાં પત્નીને જીવતી સળગાવી દેનાર પતિને આજીવન કેદ.
- સંસદમાં ભગવાધારી સંન્યાસીઓની સંખ્યા વધતી રહી છે.
- ૧૯૮૪-૮૫ના સૌથી વધુ મતદાનનો રેકર્ડ આ વખતે તૂટવાની શક્યતા.
- અમદાવાદ સિરીયલ બોંબ બ્લાસ્ટ મામલો ૬ માસમાં પૂર્ણ કરવા કોર્ટને આદેશ.
- ટંકારા, મુળી, ગોંડલ નજીક અકસ્માતોની હારમાળા સર્જાતાં નવ લોકોનાં મોત.
- ખાતરની સબસીડી માટે ખાસ બેકીંગ વ્યવસ્થા ગોઠવાશે.
- ચીનમાં વિશ્વની સૌથી લાંબી ટનલનો પ્રારંભ ટનલની કુલ લંબાઇ ૧૬.૩ કિલોમીટર લાંબી.